જૂન મહિનામાં વરસાદી વાતાવરણ કેવું રહેશે?

કાળચક્ર

યજ્ઞાનંદ

તા. 10 થી 13 જૂન મૃગશીર્ષ નક્ષત્રમાં કેટલાક ભાગોમાં વરસાદની શક્યતાઓ છે. તા. 14 થી 16 જૂન દરિયામાં વાવાઝોડું થવાની શક્યતા છે. તા. 17થી 22 જૂન કેટલાક વિસ્તારોમાં વરસાદી વાતાવરણ રહેશે.

જેઠ વદ પક્ષમાં ખેતીના પાકમાં ઇયળો પડવાની શક્યતા રહેશે. પાન ચૂસી ખાનાર જીવ-જંતુનો ઉપદ્રવ પણ વધશે. તા. 23-24 જૂન હવામાનમાં ભારે પલટો આવશે. તા. 26 જૂન સુધીમાં રાજ્યના ઘણા ભાગોમાં વરસાદની શક્યતા રહેશે. દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતાઓ વધશે. તા. 5 જુલાઇ, જેઠ અમાસ આસપાસ ઘણા ભાગોમાં વરસાદની શક્યતાઓ રહેલી છે.

તા. 6 થી 8 જુલાઇએ દેશના ઉત્તર-પૂર્વીય ભાગો તથા મધ્ય ભાગોમાં વરસાદ પડશે તેમજ રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ પણ પડે. તા. 12 થી 15 જુલાઇએ રાજ્યના વિવિધ વિસ્તારોમાં સારો વરસાદ પડે. તા. 17 થી 21 જુલાઇ રાજ્યના ઘણા ભાગોમાં સારા વરસાદના યોગ જણાય છે. વદ પક્ષમાં તા. 22 જુલાઇથી સાર્વત્રિક વરસાદની શક્યતાઓ રહેશે. ઉત્તર મધ્ય ભારતમાં ભારે વરસાદથી કેટલાક ભાગોમાં પૂરની શક્યતા રહેશે.

ગુજરાતના ઘણા વિસ્તારોમાં વરસાદ સાર્વત્રિક જેવો રહેશે. નદી, તળાવ, જળાશયોમાં પાણી ભરાશે. નર્મદા નદીમાં પૂરની શક્યતા રહેશે. સાબરમતીમાં પાણીની વધારે આવક આવવાની શક્યતાઓ છે. આ દરમિયાન દક્ષિણ સૌરાષ્ટ્ર, પશ્ચિમ સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા છે.

મધ્ય ગુજરાત તથા ઉત્તર ગુજરાતમાં નોંધપાત્ર વરસાદ થાય. તા. 23 જુલાઇથી 4 ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં સાર્વત્રિક સારા વરસાદના યોગ છે.

ભારતમાં મોટે ભાગે જૂન માસના પહેલા અઠવાડિયામાં એટલે કે જ્યારે સૂર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશ કરે તેની આસપાસમાં વરસાદ પડવાની શરૂઆત થાય છે. આમ છતાં સૂર્ય જ્યારે આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે તે અંદાજે 21 જૂનની આસપાસનો સમય ગણાય. આ દરમિયાન પૃથ્વી રજસ્વલા બને છે. ત્યારે વર્ષાઋતુની શરૂઆત ગણી શકાય.

તા. 8-6-2024થી તા. 21-6-2024 સુધી સૂર્ય મૃગશીર્ષ નક્ષત્રમાં રહે છે ત્યારે તેનું વાહન શિયાળ છે. આ સમયે સૂર્ય તેમજ ચંદ્ર નક્ષત્ર એટલે સૂર્ય ચંદ્રનો યોગ છે. એટલે વરસાદની શરૂઆત થાય. ક્યાંક વંટોળ ફૂંકાય. બીજી તરફ બાફનું પ્રમાણ વધે.

તા. 21-6-24થી તા. 5-7-24 સુધી સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં રહે છે ત્યારે તેનું વાહન મોર છે. ક્યાંક તોફાની પવન સાથે પુષ્કળ વરસાદ પડે. નદીનાળાં છલકાય... સર્વત્ર વરસાદ વરસે.

ઘેરબેઠાં ગંગાજી: બધાં પાપ ધોવાનો પવિત્ર અવસર: ગંગા દશેરા

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

ગંગાજી દેવ નદી છે

તે મનુષ્ય માત્રના કલ્યાણ માટે ધરતી પર આવી છે. ધરતી પર તેનું અવતરણ જેઠ સુદ પક્ષની દશમીએ થયું હતું. એટલે આ તિથિ તેમનાં નામ પર 'ગંગા-દશહરા' નામથી પ્રસિદ્ધ થઇ. આ તિથિએ જો સોમવાર અને હસ્તનક્ષત્ર હોય તો આ તિથિ બધાં પાપોનું હરણ કરનારી હોય છે. જેઠ સુદ દશમી સંવત્સરનું મુખ કહેવાય છે. આ દિવસે સ્નાન અને વિશેષ મહત્ત્વ છે. આ તિથિએ ગંગા સ્નાન તેમ જ શ્રીગંગાજીના પૂજનથી 10 પ્રકારનાં પાપોનો નાશ થાય છે. એટલા માટે તેને દશ-હરા કહેવાયું છે.

આ દિવસે ગંગાજીમાં અથવા સામર્થ્ય ના હોય તો નજીકની કોઇ પવિત્ર નદી કે સરોવરનાં જળમાં સ્નાન કરીને અભય મુદ્રાયુક્ત મકરવાહિની ગંગાજીનું ધ્યાન કરવું અને નીચેના મંત્રોથી આહ્વાન, ષોડશોપચાર પૂજન કરવું. ઊૅં નમો ભગવતિ ઐં હ્રીં શ્રીં (વાક્-કામ-માયામયિ) હિલિ હિલિ મિલિ મિલિ ગંગે મા પાવય પાવય સ્વાહા' આ મંત્રથી પાંચ પુષ્પાંજલિ અર્પણ કરીને ગંગાનું ઉત્પત્તિસ્થાન હિમાલય તેમજ તેમને પૃથ્વી પર લાવનારા રાજા ભગીરથના નામમંત્રથી પૂજન કરવું જોઈએ.

પૂજામાં 10 પ્રકારનાં ફૂલ, દશાંગ ધૂપ, 10 દીવા, 10 પ્રકારના નૈવેદ્ય, 10 તામ્બૂલ, તેમ 10 ફળ હોવાં જોઇએ. દક્ષિણા પણ 10 બ્રાહ્મણોને આપવી જોઈએ. પરંતુ તેમને દાનમાં આપવામાં આવેલ યવ (જવ) અને તલ 16-16 મુઠ્ઠી હોવાં જોઈએ.

ભગવતી ગંગાજી સર્વપાપહારિણી છે. એટલે 10 પ્રકારનાં પાપોની નિવૃત્તિ માટે બધી વસ્તુઓ 10ની સંખ્યામાં જ નિવેદિત કરવામાં આવે છે. સ્નાન કરતા સમયે ગોથા (ડૂબકી) પણ 10 વાર મારવામાં આવે છે.

આ દિવસે સત્તુનું પણ દાન કરવું જોઈએ.

આ દિવસે ગંગા અવતરણની કથા સાંભળવાનું વિધાન છે. આ કથા સંક્ષેપમાં આ પ્રકારે છે.

ભગવાન શ્રીરામનો જન્મ અયોધ્યાના સૂર્યવંશમાં થયો હતો. તેમના એક પૂર્વજ હતા -મહારાજ સગર, મહારાજ સગર ચક્રવર્તી સમ્રાટ હતા. તેમની 'કેશિની' અને 'સુમતિ' નામની બે રાણીઓ હતી. કેશિનીના પુત્રનું નામ 'અસમંજસ' હતું અને સુમતિના 60, 000 પુત્ર હતા. અસમંજસના પુત્રનું નામ અંશુમાન હતું. રાજા સગરના અસમંજસ સહિત બધા પુત્ર અત્યંત ઉદ્દંડ અને દુષ્ટ પ્રકૃતિના હતા પરંતુ પૌત્ર અંશુમાન ધાર્મિક અને દેવગુરુપૂજક હતા. પુત્રોથી દુઃખી થઇને મહારાજ સગરે અસમંજસને દેશમાંથી કાઢી મૂક્યો અને અંશુમાનને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો.

સગરના અન્ય 60,000 પુત્રોથી દેવતાઓ પણ દુઃખી રહેતા હતા. એક વાર મહારાજ સગરને અશ્વમેધ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું અને તેના માટે ઘોડા છોડયા. ઈન્દ્રે અશ્વમેધ યજ્ઞનો તે ઘોડો ચોરીને પાતાળમાં લઇ જઇને કપિલ મુનિના આશ્રમમાં બાંધી દીધો. પરંતુ ધ્યાનમાં બેઠેલા મુનિને આ વાત ખબર ના પડી. સગરના સાઠ હજાર અહંકારી પુત્રોએ પૃથ્વીનો ખૂણો-ખૂણો જોઇ નાખ્યો પરંતુ તે ઘોડાને ના મેળવી શક્યા. અંતમાં તે લોકોએ પૃથ્વીથી પાતાળ સુધીનો માર્ગ ખોદી નાખ્યો અને કપિલ મુનિના આશ્રમમાં જઇ પહોંચ્યા. ત્યાં ઘોડો બાંધેલો જોઈને તેઓ ક્રોધિત થઇને શસ્ત્ર ઉઠાવીને કપિલ મુનિને મારવા દોડયા. તપસ્યામાં વિઘ્ન આવવાથી મુનિએ પોતાની આંખો ખોલી. તેમના તેજથી સગરના સાઠ હજાર ઉદ્દંડ પુત્ર તાત્કાલિક ભસ્મ થઇ ગયા! ગરુડ દ્વારા આ ઘટનાની જાણકારી મળવાથી અંશુમાન કપિલ મુનિ તેમના વિનયથી પ્રસન્ન થઇને બોલ્યા:

અંશુમન! ઘોડા લઇ જાવ અને તમારા પિતામહનો યજ્ઞ પૂરો કરો. આ સગર પુત્ર ઉદ્દંડ, અહંકારી અને અધાર્મિક હતા. તેમની ગંગાજળની રાખના સ્પર્શથી મુક્તિ થશે.

અંશુમાને ઘોડો લઇ જઇને પોતાના પિતામહ મહારાજ સગરનો યજ્ઞ પૂરો કરાવ્યો. મહારાજા સગર પછી અંશુમાન રાજા બન્યો, પરંતુ તેમને તેમના કાકાઓની મુક્તિની ચિંતા રહેતી. થોડાક સમય બાદ પોતાના પુત્ર દિલીપને રાજ્યનો કારભાર સોંપીને તે વનમાં જતા રહ્યા તથા ગંગાજીને સ્વર્ગમાંથી તપસ્યામાં જ તેમનું શરીર અંત થઇ ગયું! મહારાજ દિલીપે પણ પોતાના પુત્ર ભગીરથને રાજ્યભાર આપીને સ્વયં પિતાના માર્ગનું અનુસરણ કર્યું. તેમનું પણ તપસ્યામાં જ શરીરાંત થઇ ગયું. પરંતુ તેઓ પણ ગંગાજીને પૃથ્વી પર ના લાવી શક્યા. મહારાજ દિલીપ પછી ભગીરથને દર્શન આપીને વરદાન માંગવા કહ્યું,

ભગીરથે કહ્યું: 'હે પિતામહ! મારા સાઠ હજાર પૂર્વજ કપિલ મુનિના શાપથી ભસ્મ થઇ ગયા છે. તેમની મુક્તિ માટે તમે ગંગાજીને પૃથ્વી પર મોકલવાની કૃપા કરો.'

બ્રહ્માજીએ કહ્યું: હું ગંગાજીને પૃથ્વી લોક પર મોકલી તો અવશ્ય આપું, પણ તેના વેગને કોણ રોકશે? તેના માટે તમારે દેવાધિદેવ ભગવાન શંકરની આરાધના કરવી જોઈએ. ભગીરથે એક પગ ઊંચા રાખીને ભગવાન શંકરની આરાધના શરૂ કરી દીધી. તેમની તપસ્યાથી પ્રસન્ન થઇને ભગવાન શિવે ગંગાજીને પોતાની જટામાં રોકી લીધી. આ પ્રકારે ગંગાજી પૃથ્વી તરફ ચાલી. હવે આગળ આગળ રાજા ભગીરથને રથ અને પાછળ પાછળ ગંગાજી હતાં. માર્ગમાં જહુ ઋષિનો આશ્રમ આવ્યો. ગંગાજી તેમના કમંડળ, દંડ વગેરે પણ વહેવા લાગ્યો. આ જોઇને ઋષિએ તેમને પી લીધાં. કંઇક દૂર જતાં ભગીરથે પાછું વળીને જોયું તો ગંગાજીને ના જોઈને તે ઋષિના આશ્રમ પર આવીને તેમની વંદના કરવા લાગ્યા.

પ્રસન્ન થઇને ઋષિએ ગંગાજીને તેમની પુત્રી બનાવીને ગંગાજીને જમણા કાનથી કાઢી દીધાં. એટલા માટે દેવી ગંગા જાહ્નવી નામથી પણ ઓળખાય છે. ભગીરથની તપસ્યાથી અવતરિત થવાના કારણે તેને ભગીરથી પણ કહેવાય છે.

ત્યાર બાદ ભગવતી ભાગીરથી ગંગાના માર્ગને હર્યો ભર્યો... શસ્ય -શ્યમાનલ કરતાં કપિલ મુનિના આશ્રમમાં પહોંચી... જ્યાં મહારાજ ભગીરથના સાઠ હજાર પૂર્વજ ભસ્મ થયેલા પડયા હતા.

ગંગાજળના સ્પર્શ માત્રથી તે બધા દિવ્ય રૂપધારી થઇ જઇ દિવ્ય લોક ચાલ્યા ગયા.

ગંગા દશ-હરા: કયા 10 પ્રકારના પાપનો નાશ થાય છે?

1. આપ્યા વગર બીજાની વસ્તુ લેવી.
2. શાસ્ત્રવર્જિત હિંસા કરવી.
3. પરસ્ત્રીગમન કરવું.
4. ત્રણ પ્રકારના શારીરિક (કાયિક) પાપ છે:
5. કડવું બોલવું, જુઠું બોલવું.
6. પરોક્ષમાં કોઇનો દોષ કહેવો.
7. નિષ્પ્રયોજન વાતો કરવી તે વાચિક પાપ છે.
8. બીજાના દ્રવ્યને અન્યાયથી લેવાનો વિચાર કરવો.
9. મનથી બીજાના અનિષ્ટ ચિંતન કરવું.
10. માનસિક બુદ્ધિ રાખવી એ માનસિક પાપ છે.

ગંગાજીના પૂજનથી તેમજ ગંગાસ્નાનથી 10 પ્રકારનાં પાપો નાશ થાય છે. એમાંયે 3 કાયિક, 4 વાચિક તથા 3 માનસિક) ખાસ ધોવાઈ જાય છે. એટલે ગંગાપૂજન અને ગંગાનું પાણી થોડુંક પાણીની ડોલમાં લઇને ગંગાસ્નાન કરવાથી ઘેરબેઠા ગંગાથી પાપ ધોવાઈ જાય છે. જે કરશે તેનાં પાપ ધોવાઈ જશે.

એક દિવસ નિર્જળા રહેવાથી મનુષ્યને બધાં પાપોમાંથી મુક્તિ મળે છે

જડી બુટ્ટી

નજુમી

- જેઠ મહિનાની સુદ પક્ષની એકાદશી તા. 18 જૂન 2024, મંગળવારે આજે જ છે. જો એક જ દિવસમાં ગત જન્મનાં અને આ જન્મનાં પાપ ધોવાતાં હોય તો જળ વગર રહેવાથી જ પુણ્યશાળી થઇ જવાય છે.

જેઠ માસની સુદ પક્ષની એકાદશીને 'નિર્જલા એકાદશી' કહેવાય છે. અન્ય મહિનાઓની એકાદશીએ ફળાહાર કરી શકાય છે પરંતુ આ એકાદશીએ 'ફળ' તો શું 'જળ' પણ લઇ શકાતું નથી! આ એકાદશી ગ્રીષ્મ ઋતુમાં ઘણાં કષ્ટ અને તપસ્યાથી કરવામાં આવે છે. એટલે અન્ય (બીજી) એકાદશીઓથી તેનું મહત્ત્વ સર્વોપરિ છે. આ એકાદશી કરવાથી આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ તથા ઉત્તમ લોકોની પ્રાપ્તિ થાય છે.

મહાભારત અનુસાર અધિક માસ સહિત એક વર્ષની છબ્બીસો એકાદશીઓ ના કરી શકાય પરંતુ ફકત એક જ નિર્જલા એકાદશીનું જ વ્રત કરવાથી પૂરું ફળ પ્રાપ્ત થાય છે. નિર્જલા વ્રત કરવાથી અપવિત્ર અવસ્થામાં આચમન સિવાય બિંદુ માત્ર પણ જલ ગ્રહણ કરવું જોઇએ નહીં. જો કોઇ પ્રકારના જળનો ઉપયોગ કરવામાં આવે તો વ્રત ભંગ થઇ જાય છે!

નિર્જલા એકાદશીએ સંપૂર્ણ દિવસ-રાત નિર્જળ-વ્રત રહીને બારસે સવારે સ્નાન કરવું જોઇએ તથા સામર્થ્ય અનુસાર સુવર્ણ અને જલયુક્ત કળશનું દાન કરવું જોઇએ. ત્યાર બાદ વ્રતનું પારાયણ કરીને પ્રસાદ ગ્રહણ કરવો જોઇએ.

નિર્જલા એકાદશી વ્રત 2024 તિથિ-સમય

એકાદશી તિથિની શરૂઆત તા. 17 જૂન, 2024ના રોજ સવારે 04.43 મિનિટે શરૂ થશે. એ જ પ્રમાણે એકાદશી સમાપ્ત તા. 18 જૂન, 2024ના રોજ સવારે 06.24 મિનિટે સમાપ્ત થઇ જશે.

ઉદય તિથિ હોવાના કારણે નિર્જલા એકાદશીનું વ્રત તા. 18 જૂન, મંગળવારે રાખી શકાશે.

નિર્જલા એકાદશીનાં પારણાં તા. 19 જૂન, 2024, બુધવારના દિવસે કરી શકાશે.

નિર્મળા એકાદશીની કથા, માહાત્મ્ય.

પાંડવોમાં ભીમસેન શારીરિક શકિતમાં સૌથી વધારે શકિતશાળી હતા. તેમના ઉદરમાં વૃક નામનો અગ્નિ હતો. એટલા માટે તેમને 'વૃકોદર' પણ કહેવામાં આવે છે. તે જન્મજાત શકિતશાળી તો હતા જ. નાગલોકમાં જઇને ત્યાંના 10 કુંડોનો રસ પીવાથી તેમનામાં દસ હજાર હાથીઓ જેવી શકિત થઇ ગઇ હતી. આ રસપાનના પ્રભાવથી તેમની ભોજન પચાવવાની ક્ષમતા અને ભૂખ પણ વધી ગઇ હતી. બધા પાંડવો તથા દ્રૌપદી એકાદશીનું વ્રત કરતા હતા. પરંતુ ભીમ માટે એકાદશીનું વ્રત દુષ્કર હતું. એટલે વ્યાસજીએ તેમને જેઠ માસની શુકલ પક્ષની એકાદશીનું વ્રત 'નિર્જળ' રહેવાનું કહ્યું તથા જણાવ્યું કે તેના પ્રભાવથી તમને વર્ષભરની એકાદશીઓ બરાબર ફળ મળશે. વ્યાસજીના આદેશ અનુસાર ભીમસેને આ એકાદશીનું વ્રત કર્યું. એટલા માટે આ એકાદશી 'ભીમસેની એકાદશી'ના નામથી ઓળખાય છે.

જેઠ મહિનાની સુદ પક્ષની એકાદશી: નિર્જળા એકાદશી

શ્રી ભીમસેન બોલ્યા: 'હે પિતામહ! ભ્રાતા યુધિષ્ઠિર, માતા કુંતી, દ્રૌપદી, અર્જુન, નકુલ અને સહદેવ વગેરે એકાદશીના દિવસે વ્રત કરે છે અને મને પણ એકાદશીના દિવસે અન્ન ખાવા માટે મનાઇ કરે છે. હું કહું છું કે, ભકિતપૂર્વક હું ભગવાનની પૂજા કરી શકું. દાન આપી શકું... પરંતુ હું એકાદશીના દિવસે ભૂખ્યો રહી શકતો નથી.'

ત્યારે વ્યાસજી બોલ્યા: 'હે ભીમસેન! જો તમે નરકને ખરાબ અને સ્વર્ગને સારું સમજો છો... તો પ્રત્યેક માસની બંને એકાદશીએ અન્ન ના ખાવ.'

આથી ભીમસેન બોલ્યા: 'હે પિતામહ! તમને હું પ્રથમ જ કહી ચૂકયો છું કે, એક દિવસમાં એક સમયે પણ હું ભોજન કર્યા વગર રહી શકતો નથી, તો મારા માટે આખો દિવસ ઉપવાસ કરવો કેટલો મુશ્કેલ છે? મારા પેટમાં અગ્નિનો વાસ છે. જો વધુ ખાઉં તો શાંતિ મળે છે. જો હું પ્રયત્ન કરું તો એક વ્રત અવશ્ય કરી શકું... તેથી મને એવું વ્રત બતાવો, જેનાથી મને સ્વર્ગની પ્રાપ્તિ થાય.'

શ્રી વ્યાસજી બોલ્યા: 'હે વાયુપુત્ર! મોટા ઋષિ અને મહર્ષિઓએ ઘણાં શાસ્ત્ર વગેરે બનાવ્યાં છે. જો કલિયુગમાં મનુષ્ય તેના પર આચરણ કરે તો અવશ્ય જ મુકિત મળે છે. એમાં ધન ઓછું ખર્ચાય છે. એમાં જે પુરાણોનો સાર છે તે કહું છું કે, મનુષ્યોએ બંને પક્ષોની એકાદશીનું વ્રત કરવું જોઇએ. તેનાથી તેમને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.

શ્રી વ્યાસજી બોલ્યા: 'હે ભીમસેન! કૃષ્ણ અને મિથુન સંક્રાંતિના મધ્યમાં જેઠ માસની સુદ પક્ષની એકાદશી હોય છે. તેનું નિર્જળ વ્રત કરવું જોઇએ. આ એકાદશીમાં સ્નાન અને આચમનમાં 6 માશાથી વધુ જળ ના લેવું જોઇએ. આ આચમનથી શરીરની શુદ્ધિ થાય છે. આચમનમાં 6 માશાથી વધુ જળ મદ્યપાન સમાન છે. આ દિવસે ભોજન ના કરવું જોઇએ, કારણ કે ભોજન કરવાથી વ્રત નષ્ટ થાય છે.

જો સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી મનુષ્ય જળપાન ન કરે તો તેને 12 એકાદશીઓનું ફળ મળે છે. બારસના દિવસે સૂર્યોદય પહેલાં ઊઠવું જોઇએ. તે પછી ભૂખ્યા બ્રાહ્મણને ભોજન કરાવવું જોઇએ. પછી સ્વયં ભોજન કરવું જોઇએ. આનું ફળ એક વર્ષની સંપૂર્ણ એકાદશીઓનાં ફળ બરાબર છે.

હે ભીમસેન! સ્વયં ભગવાને મને કહ્યું હતું કે, આ એકાદશીનું પુણ્ય સમસ્ત તીર્થો અને દાન બરાબર છે. એક દિવસ નિર્જળા રહેવાથી મનુષ્યનાં બધાં પાપોમાંથી મુકિત મળે છે. જે મનુષ્ય નિર્જળા એકાદશીનું વ્રત કરે છે તેમને મૃત્યુ વખતે ભયાનક યમદૂત દેખાતા નથી. એ સમયે ભગવાન વિષ્ણુના દૂત સ્વર્ગમાંથી આવી તેને પુષ્પક વિમાનમાં બેસાડીને સ્વર્ગમાં લઇ જાય છે. તેથી સંસારમાં સર્વશ્રેષ્ઠ નિર્જળા એકાદશીનું વ્રત છે તેથી પ્રયત્નપૂર્વક પણ આ એકાદશીનું નિર્જળ વ્રત કરવું જોઇએ. એ દિવસે 'ઊૅં નમો ભગવતે વાસુદેવાય' મંત્રનું ઉચ્ચારણ કરવું જોઇએ.

વ્યાસજીનાં આવાં વચનો સાંભળી તેમણે 'નિર્જળા વ્રત' કર્યું. આ એકાદશીને ભીમસેન અથવા પાંડવ એકાદશી પણ કહે છે. નિર્જળ વ્રત કરતાં પહેલાં ભગવાન શ્રી વિષ્ણુની પૂજા કરવી જોઇએ અને તેમને વિનંતી કરવી જોઇએ કે:

'હે ભગવાન! આજે હું 'નિર્જળા વ્રત કરું છું'...તો બીજા દિવસે ભોજન કરીશ. હું આ વ્રત શ્રદ્ધાપૂર્વક કરીશ... તેનાથી મારાં બધાં પાપ નષ્ટ થઇ જાય.

આ નિર્જળા એકાદશી મનુષ્યને વિષ્ણુલોકમાં લઇ જાય છે. જે મનુષ્ય આ દિવસે અન્ન ખાય છે તેને 'ચાંડાલ' સમજવો જોઇએ. તે અંતે નરકમાં જાય છે. બ્રહ્મ હત્યા, મદ્યપાન કરનાર, ચોરી કરનાર, ગુરુથી દ્વેષ કરનાર, સત્ય ન બોલનાર- આ વ્રત કરે તો સ્વર્ગમાં જાય છે.

હે કુંતી, જે પુરુષ અથવા સ્ત્રી- આ વખતે શ્રદ્ધાપૂર્વક કરે છે- તેમનાં નિમ્નલિખિત કર્તવ્ય છે:

તેમણે પ્રથમ વિષ્ણુ ભગવાનની પૂજા કરવી જોઇએ. તે પછી ગૌદાન કરવું જોઇએ. તે દિવસે બ્રાહ્મણોને દક્ષિણા-મિષ્ટાન્ન વગેરે આપવું જોઇએ. નિર્જળાના દિવસે અન્ન, વસ્ત્ર, છત્ર વગેરેનું દાન કરવું જોઇએ.

જે મનુષ્ય આ કથા પ્રેમપૂર્વક સાંભળે છે અને વાંચે છે તેમને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.

ગંભીર સમસ્યાઓ અને સરળ સમાધાન

કાર્યક્ષેત્રમાં પ્રગતિની સમસ્યાથી પરેશાન જાતક

સમસ્યા: મારા પરિવારમાં ફકત હું જ ઉચ્ચ શિક્ષણ મેળવી ચૂકયો છું તથા બહુ જ સારી કંપનીમાં સર્વિસ પણ કરું છું પરંતુ બહુ મહેનત કરવા છતાં પણ જોઇએ એવો (મહેનતના પ્રમાણમાં) લાભ નથી મળતો. મને લાગે છે કે, કોઇએ મારા પર કંઇક પ્રયોગ તો નથી કર્યો ને?

સમાધાન: આપશ્રીની જન્મકુંડળી જોઇ. તમારું જન્મ લગ્ન કન્યા છે. લગ્નેશ-કર્મેશ બુધ અષ્ટમેશ મંગળની નીચસ્થ સ્થિતિને કારણે પીડિત પણ છે. આંશિક કાલસર્પ યોગ પણ છે. સાતમા સ્થાનમાં પંચમેશ શનિ વક્રી પણ છે. તમે પ્રથમ તો ગળામાં એક પન્ના+ હીરા (અભાવમાં ઓપલ)નું સંયુકત લોકેટ પ્રાણપ્રતિષ્ઠા કરાવીને પહેરવું. પોતાના કર્મક્ષેત્રને વધારે ઉત્કૃષ્ટ બનાવવા માટે તમે શ્રીગણેશની વિધિવત્ આરાધના કરો. રાહુ માટે સરસવનું તેલ, તલનું તેલ- શનિવારે દાન કરવું. ગુરુવારે ભગવાન વિષ્ણુ અને કેળાના વૃક્ષની પૂજા કરવી લાભદાયક રહેશે. દરરોજ 'લાલ ગાય'ને રોટલીની સાથે ગોળ ખવડાવવો. વધારે સફળતા માટે તમે શુક્રવારે સવારે કનકધારા યંત્રનું પૂજન સ્તોત્રથી કરવું.

શિક્ષણમાં નબળાઇથી પરેશાની

સમસ્યા: અમે એવું વિચારી રહ્યા છીએ કે અમારો પુત્ર એડમિનિસ્ટ્રેશનની પોસ્ટ પર જાય. સી.એ. બને અથવા એન્જિનિયર વગેરે. પરંતુ અત્યારથી જ તેના ઓછા માર્કસ આવે છે કે અમારા તેના માટેનાં સપનાં તૂટી જાય તેવું દેખાય છે. કૃપા કરીને સપનાં સાચાં થાય તેવો ઉપાય જણાવો.

સમાધાન: તમારા પુત્રનું જન્મ લગ્ન મેષ છે. મેષ લગ્નમાં મંગળ સ્વગૃહી છે. જ્યારે ભાગ્યેશ ગુરુ ચોથા ભાવમાં પોતાની ઉચ્ચ રાશિમાં ચંદ્ર સાથે છે. ચંદ્ર ચતુર્થેશ છે તે ગુરુ સાથે છે. પરંતુ ગુરુ અસ્ત હોવાથી અને 0.47.37 ડિગ્રી હોવાના કારણે શૂન્ય ફળ આપે છે. જ્યારે ગુરુની ઉચ્ચતા 5 ડિગ્રી પર થાય છે. એટલે શિક્ષણનો યોગ તો ઉત્કૃષ્ટ છે, પરંતુ રાહુ-કેતુની વચ્ચે ચોથા ભાવમાં એટલે તમે પુત્રને એક શ્રેષ્ઠ પોખરાજ+મોતી ધારણ કરાવો અને દરરોજ કબૂતરોને જુવાર નાંખવા અને પક્ષીઓને પાણી પીવાની વ્યવસ્થા કરવી. સીસાથી બનેલો છલ્લો (વીંટી) જમણા હાથની મધ્યમા આંગળીમાં બુધવારે સાંજે ધારણ કરવું.

બાકી યોગ સારા છે. અત્યારે તમે શુક્રની મહાદશામાં છો. જે સપ્તમેશ થઇને ત્રીજે બેઠો છે. એટલે તમે કાળી કીડીઓને ખાંડ ખવડાવવી જોઇએ. મા કમલાની ઉપાસના કરવી. હા... તેમની કુંડળી એકંદરે બરાબર છે. કારણ કે તે જોતાં સી.એ. અથવા એમ.બી.એ. સારો વિકલ્પ છે. સારાં મુહૂર્તોમાં શ્રી ગણેશ અને સરસ્વતી પર 500 ગ્રામ કાચું દૂધ ચઢાવવું અને ગાયત્રી મંત્ર વડે નિત્ય સૂર્યને જળ ચઢાવતાં સમયે ઉચ્ચારણ કરવું. સૂર્યોદય પહેલાં ઊઠવું અતિ આવશ્યક છે. આ ઉપાયો પર બળ આપવું તેથી બાળકનું ધ્યાન શિક્ષણ તરફ તીવ્ર ગતિથી કેન્દ્રિત થશે.

ઘરમાં સુખ-શાંતિનો અભાવ

સમસ્યા: ઘરમાં કલેશ રહે છે. ઉન્નતિ રોકાઇ ગઇ છે. જ્યારથી હું લગ્ન કરીને સાસરે આવી છું ત્યારથી આ પરિવારની હાલત ખરાબ જ જોઇ રહી છું. આજ સુધી સુખની બે પળ પણ નસીબમાં નથી. કૃપા કરીને સમાધાન બતાવો.

સમાધાન: આપનું જન્મ લગ્ન સિંહ છે. લગ્ન સૂર્ય ચતુર્થેશમાં બુધની સાથે ચતુર્થેશ મંગળ છે. જ્યારે પંચમેશ-દશમેશનો સ્થાન પરિવર્તનનો યોગ થયો છે. ગુરુની સ્થિતિ વક્રી છે અને તમે હાલ તેની મહાદશામાં છો. ચોથા ભાવમાં સારો યોગ છે પરંતુ ભાગ્ય ભાવમાં કેતુ બેસવો શુભ નથી. ભાગ્ય ભાવ પર શનિની 10મી દૃષ્ટિ પણ છે. ત્રીજા ભાવનો ચંદ્ર-રાહુ ચાંડાલ યોગ બનાવી રહ્યો છે. એટલે મુશ્કેલીઓ તો આવવાની જ છે. તમે દરરોજ સવારે ઊઠીને ગાયને ચણાના લોટમાં ગોળ ખવડાવવો તેમજ વિષ્ણુ ભગવાનના સહસ્રના પાઠ કરવા. પ્રબળ યોગકારક મંગળ ચોથા ભાવમાં સ્વગૃહી અવશ્ય પરંતુ અસ્તનો સંપૂર્ણ છે.

સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

હનુમાનજીની વિશેષ આરાધના તમારા માટે ફળદાયી તેમજ અમાસના દિવસે ત્રિકોણ આકૃતિની પીળાં વસ્ત્રની ધજા વિષ્ણુ મંદિરમાં ઊંચી જગ્યાએ લગાડવી. એક મંગળ રત્ન લોકેટમાં જડાવીને ગળામાં પહેરવું. ચાંડાલ યોગ છે એટલે યથાસંભવ 'ઊૅં નમ: શિવાય'નો જપ અને સોમવારે મહાદેવની પૂજા કરવી. દરેક શનિવારે તલના તેલનો દીવો પીપળાના વૃક્ષની સામે મૂકવો તેમજ દરરોજ પીપળામાં પાણી ચઢાવવું તથા નિમ્ન મંત્રનો જપ કરવો. શનિવારે મા કાળીના ફોટા કે મૂર્તિ સામે રુદ્રાક્ષ માળાથી આ મંત્ર જપવો: ઘાં ઘીં ઘૂર્જટિ, પત્નીમ્ વાં વીં વૂં વાગધીશ્વરી! ક્રાં ક્રીં ક્રૂં કાલિકા દેવી, શાં શીં શૂં મે શુભમ્ કુરુ!

લગ્નની સમસ્યા

સમસ્યા: છોકરી માટે સંબંધ માટે 4 વર્ષ થઇ ગયાં. પરંતુ અત્યાર સુધી કોઇ સફળતા મળી નથી. મંગળવાળી છોકરી છે. છોકરી પોતાનાથી વધારે ઉમરના છોકરા ઇચ્છે છે અને તે પણ વિદેશમાં. સમાધાન શીઘ્ર આપવાની કૃપા કરશોજી.

સમાધાન: આપશ્રીએ મોકલેલી કુંડલી જોતાં છોકરીનું જન્મ લગ્ન કન્યા છે. લગ્નેશ કર્મેશ બુધ ચોથા સ્થાનમાં અષ્ટમેશ મંગળ સૂર્ય જોડે છે. સપ્તમેશ લગ્નકારક ગુરુ આઠમે પાપ પ્રભાવમાં જતો રહ્યો છે, જેની ઉપર શનિની 10મી દૃષ્ટિ પણ છે. કલત્રકારક શુક્ર પાંચમે શનિથી સાતમે છે, જે લગ્નના વિલંબનું કારણ છે.

પ્રથમ તો તમારી છોકરીને શ્રેષ્ઠ પોખરાજ ગળામાં ધારણ કરાવો. ગુરુવારે સવારે ચણાનો લોટ-બેસનની સાથે ગોળ ગાયને ખવડાવવો. પોતાનાથી મોટી ઉમરનો પતિ મળશે. પરંતુ તેની ટકાવારી ઓછી જ છે. વિદેશ માટે પન્ના અને નિલમની વીંટી ધારણ કરવી.

હાથમાં પૈસા ટકતા નથી

સમસ્યા: ગુરુજી, પ્રણામ! હું ખાવા-પીવાના સ્ટોલનો ધંધો કરું છું. શોપ બરાબર ચાલે છે. પણ પૈસા મારી પાસે ટકતા નથી. જે પણ કમાઉં છું- બધા ખર્ચ થઇ જાય છે. ભવિષ્ય માટે કંઇ પણ બચત થતી નથી. હું બહુ જ મુશ્કેલીમાં છું. કૃપા કરીને કોઇ ચોક્કસ સમાધાન બતાવો.

સમાધાન: તમારું જન્મ લગ્ન મિથુન છે અને લગ્નેશ ભાગ્યેશ ભા